# Visit of External Affairs Minister to Maldives and Sri Lanka (March 26-30, 2022)

March 26, 2022

# વિદેશમંત્રીની માલદિવ્સ અને શ્રીલંકા મુલાકાત (માર્ચ 26-30, 2022)

માર્ચ 26, 2022

માલદીવના વિદેશમંત્રી અબ્દુલ્લા શાહીદ અને શ્રીલંકાના વિદેશમંત્રી પ્રો. જી. એલ. પીરીસના આમંત્રણો પર વિદેશ મંત્રી (ઈએએમ) ડૉ. એસ. જયશંકર 26-30 માર્ચ 2022 દરમિયાન માલદીવ અને શ્રીલંકાની સત્તાવાર મુલાકાત લેશે.

2. વિદેશમંત્રી માલદીવના અદ્દુ શહેરની મુલાકાત (26-27 માર્ચ) લેશે, જે દરમિયાન વિદેશમંત્રી માલદીવ્સના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ મોહમ્મદ સોલિહ સાથે મુલાકાત કરશે અને વિદેશમંત્રી અબ્દુલ્લા શાહિદ સાથે ચર્ચા કરશે. ભારતીય વિદેશમંત્રીની મુલાકાતમાં દ્વિપક્ષીય વિકાસ સહયોગ, ઉદ્ઘાટન/સોંપણી અને માલદીવના સામાજિક-આર્થિક વિકાસમાં યોગદાન આપતા અને તેની સુરક્ષા વધારવામાં ફાળો આપનારા મહત્ત્વના ભારત-સમર્થિત પ્રોજેક્ટ્સના લોકાર્પણ/સોંપણી સાથે સંબંધિત અનેક કરારો પર હસ્તાક્ષર કરવામાં આવશે.

3. વિદેશમંત્રીની શ્રીલંકાની મુલાકાત (28-30 માર્ચ) શ્રીલંકાના નાણામંત્રી શ્રી બેસિલ રાજપક્ષે દ્વારા ડિસેમ્બર 2021માં અને ચાલુ મહિનાની શરૂઆતમાં ભારતની મુલાકાતોને પગલે અને શ્રીલંકાના વિદેશમંત્રી પ્રો. જી એલ પીઈરિસની ફેબ્રુઆરી 2022માં લેવાયેલી મુલાકાતના અનુસંધાનમાં છે. શ્રીલંકામાં વિદેશમંત્રી દ્વારા જે દ્વિપક્ષીય બેઠકો અને વાટાઘાટ થશે તે ભારત માટે શ્રીલંકા કેટલું મહત્ત્વનું છે તે દર્શાવે છે.

4.શ્રીલંકામાં ભારતીય વિદેશમંત્રી 29 માર્ચ 2022ના રોજ કોલંબો ખાતે બિમસ્ટેક મંત્રીઓની બેઠકમાં પણ ભાગ લેશે.

5.માલદીવ્સ અને શ્રીલંકા બંને હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતના મહત્ત્વના દરિયાઈ પડોશીઓ છે અને વડા પ્રધાનના

‘સાગર’ અને નેબરહુડ ફર્સ્ટના વિઝનમાં વિશેષ સ્થાન ધરાવે છે. વિદેશમંત્રીની મુલાકાત ભારત માલદીવ્સ અને શ્રીલંકા સાથેના ગાઢ અને મૈત્રીપૂર્ણ સંબંધોને મહત્વ આપે છે તેની સાક્ષી છે.

**નવી દિલ્હી**
**માર્ચ 26, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.